ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૭.૨ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૫૫ ટકા

# ‘માસ્ક’ વિના સે-૨૪નું શાકમાર્કેટ ધમધમે છે

## સૌથી વધારે કેસ ધરાવતા સે-૨૪માં શાકમાર્કેટના વેપારીઓ માસ્ક પહેરવામાં ઉદાસીન : સોશિયલ ડીસ્ટન્સિંગનો પણ અભાવ

ગાંધીનગર, તા.૨૭

કોરોનાને કારણે શહેરમાં સૌ કોઈ ચિંતિત છે. સરકાર દ્વારા લોકડાઉન બાદ અનલોક-૧ જાહેર કરવામાં આવ્યું છે જે સંદર્ભે ઘણી છૂટછાટ પણ આપવામાં આવી છે. ઘરની બહાર નીકળતા માસ્ક ફરજીયાત કરાયું છે ત્યારે હવે શહેરમાં માસ્ક ન પહેરનારને દંડાય પણ છે પરંતુ આ નિયમનું પાલન કરનાર ખરેખર કેટલા? અને જો વાહન ચલાવનાર કે રસ્તેથી ચાલનારે માસ્ક ન પહેર્યું હોય તેમના પાસેથી દંડ લેવાય છે તો દુકાન કે લારી ચલાવતા વેપારી જો માસ્ક ન પહેરે તો કેમ ચલાવી લેવાય છે?

નગરના સેકટર-૨૪ શાકમાર્કેટમાં મોટા ભાગના શાકભાજી વેચનાર માસ્ક વગર નજરે ચઢી રહ્યા છે ત્યારે ગ્રાહકો દ્વારા પણ સોશિલલ ડીસ્ટન્સનું પાલન કરવામાં આવી રહ્યું નથી. જો આમ જ ચાલતું રહેશે તો કોરોનાને માત આપી શકાશે ખરા? નગરમાં કોરોના કેસની સંખ્યા સતત વધતી જઈ રહી છે ત્યારે સરકાર દ્વારા કોરોના સંબંધિત જાહેર કરાયેલ નિતી નિયમોનું ફકત કહેવા પૂરતું જ પાલન કરાતું હોય તેમ લાગી રહ્યું છે. હવે થોડા દિવસો પહેલા શાકભાજી વેચનાર કોરોના પોઝીટીવ આવ્યા છે તથા ત્યાંથી સંક્રમણ થવાની સંભાવના વધુ છે ત્યારે શાકભાજીનું વેચાણ થતું હોય તે વિસ્તારમાં તંત્ર દ્વારા કેમ ધ્યાન અપાતું નથી? તે જાણવું રહ્યું.

નગરના જાગૃત નાગરિક અને યુવાન કુશ ઉદેચા આ પરિસ્થિત વિશે સ્થળ પર વાત કરતા જણાવે છે કે, ગાંધીનગરમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે ત્યારે શહેરીજનો સરકારના નિયમોનું થોડેક અંશે પાલન કરતા જોવા મળી રહ્યા છે પરંતુ સંપૂર્ણ પાલન થતું હોય તેવું જોવા મળી રહ્યું નથી માટે તંત્ર દ્વારા માસ્ક ના પહેરવા પર રસ્તાઓ પર તો દંડનીય કાર્યવાહી કરી પરંતુ રસ્તા કરતા પણ ખૂબ વધુ ઝડપે સંક્રમણ થવાની સંભાવના શહેરના શાકમાર્કેટમાં દેખાઈ રહી છે. સે-૨૪ના શાકમાર્કેટમાં એવા દશ્યો જોવા મળ્યા હતા જ્યાં મોટાભાગના શાકભાજી કે ફ્રૂટ વેચનારે માસ્ક પહેર્યુ નથી અને સોશિયલ ડીસ્ટન્સિંગના લીરેલીરા ઉડી રહ્યા છે અને શાકભાજીના વેપારીઓને ફકત કમાવવામાં જ રસ હોય તેમ ગ્રાહકની ચિતા કર્યા વિના માસ્ક પહેર્યા વગર જ બૂમો પાડીને શાકભાજી વેચી રહ્યા છે.

નગરના સામાન્ય નાગરિકો દૂરથી પણ આ દશ્ય જોઈને ચિંતિત થઈ રહ્યા છે ત્યારે હવે તંત્ર આ બાબતે પગલાં લે છે કે નહિ તે જોવું રહ્યું.





**.....મોસમ આવી મહેનતની....**

ગાંધીનગર શહેર ચોમાસાની સીઝન દરમિયાન એક વિશિષ્ટ સ્વરૂપ ધારણ કરે છે. એમ તો આ શહેર ગણાય છે અને હાઈરાઈઝ બિલ્ડીંગો પણ અહીં આવેલી છે પરંતુ આ ઉંચી ઈમારતોની વચ્ચે જ નાનકડા ખેતર ચોમાસાના ચાર મહિનામાં જોવા મળી જાય છે. ગાંધીનગર શહેરની સ્થાપના માટે પોતાની જમીન આપનાર ખેડૂતો હજુ બીનઉપયોગી પડી રહી હોય તેવી સરકારી જમીનમાં ખેતી કરી શકે છે. ચોમાસા સિવાયના અન્ય દિવસોમાં ખાલી પ્લોટ બની રહેતા આ નાનકડા ખેતરો ચોમાસાના ચાર માસ દરમિયાન વિવિધ ખરીફ પાકથી ઉભરાય છે. ખેડૂતો ચોમાસા દરમિયાન ખેતરના આ બચેલા ટૂકડામાં ખપ પુરતું અનાજ અને પશુઓ માટેનો ઘાસચારો ઉગાડે છે.

# છ-૩ પાસે કારની ટક્કરે ઈન્દ્રોડા ગામના આધેડનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સમાવેશ ઈન્દ્રોડા ગામના બાવાજી ઠાકોર સેકટર-૮, છ-૩ પાસે સવારના ૯ વાગ્યાના અરસામાં ચાલતા જઈ રહ્યા હતા તે સમયે અચાનક પાછળથી કાર ચાલકે ટક્કર મારતા શરીરે તેમજ માથાના ભાગે ઈજા પહોંચી હતી. ઈન્દ્રોડાના આધેડને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા, ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ ખસેડાયા હતા. જયાં સારવાર દરમિયાન ઈન્દ્રોડાના આધેડનું મૃત્યું નિપજયુ હતું. બનવા અંગે મૃતકના દિકરાએ કાર ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ઈન્દ્રોડા ગામના બચુજી બાવાજી ઠાકોર (ઉં.૩૭) પોતાના પરિવાર સાથે રહે છે અને ચ-૨ સર્કલ પાસે ઈંડાની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ફરીયાદી શુક્રવારના રોજ સવારે પોતાના ઘરે હાજર હતા તે સમયે મારા ગામના રીક્ષા ચાલક રાજુજી ઈશ્વરજી ઠાકોરે ઘરે આવીને કહ્યું કે તમારા પિતા બાવાજી ઠાકોર સેકટર-૮, છ-૩ સર્કલ પાસે ચાલતા જઈ રહ્યા હતા. ત્યારે સાડા નવ વાગ્યાના અરસામાં જી.જે.૧૮.બી.સી.-૭૪૨૭ના કાર ચાલકે પાછળથી ટકકર મારી અકસ્માત સર્જાયો હતો. જેથી આધેડને શરીરે તેમજ માથાના ભાગે અને હાથે પગે ઈજાઓ પહોચતા ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. ગાંધીનગર સિવિલ ખાતે ફરીયાદી તેમની પત્ની અને માતા સાથે આવી પહોચ્યા હતા. ગાંધીનગર સિવિલ સારવાર બાદ વધુ અમદાવાદ રીફર કરાયા હતા. જયા સારવાર દરમિયાન તેઓનું મૃત્યું નિપજયુ હતું. બનાવ અંગે મૃતકના દિકરાની ફરીયાદ લઈ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# આજે સે-૩ વસાહત મંડળ દ્વારા શહીદોને શ્રધ્ધાંજલી અર્પણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૭

વસાહત મંડળ સે-૩ દ્વારા તા. ૨૮ જૂનના રોજ શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરતો કાર્યક્રમ યોજાશે. ભારત અને ચીનની વચ્ચે થયેલ વિવાદમાં શહીદ થયેલા જવાનોને સલામ સાથે શ્રધ્ધાંજલિ અર્પણ કરવા અને ભારતીય સેનાના સમર્થનના કાર્યક્રમમાં સાંજે ૬ કલાકે રામેશ્વર મહાદેવ મંદિર ખાતે તમામ હોદ્દેદારો અને વસાહતીઓને હાજર રહેવા વસાહત મંડળના પ્રમુખ વિક્રમભાઈ કે. પટેલ તથા મહામંત્રી પ્રવાસી દ્વારા જણાવાયું છે. સાથે ફરજિયાત માસ્ક પહેરી સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવા પણ જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. વિહોલ જુબેદાબા બળદેવજી, ઉ.વ. ૫૧, મુ.પીલવાઈ, તા.વિજાપુર
- સ્વ. પટેલ રમીલાબેન નરસિંહભાઈ, ઉ.વ. ૬૧, સેકટર-૬
- સ્વ. વાળંદ વિપુલભાઈ કાલીદાસભાઈ, ઉ.વ. ૪૭, સેકટર-૨૨

# ભોંયણ રાઠોડ ગામે ટોળકીનો ઢોર ચોરવાનો નિષ્ફળ પ્રયાસ

## ગ્રામજનો જાગી જતા ટોળકીના સભ્યો ગાડી મુકી ભાગી ગયા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લાના ભોંયણ રાઠોડ ગામે રાત્રીના અઢી વાગ્યાના અરસામાં ઢોર ચોરનાર ટોળકીના સભ્યો ઢોર બાંધેલા વાડા પાસે આવી વાડામાંથી ભેંસોની ચોરી કરવાની કોશિષ કરતા ફરીયાદી અને ગ્રામજનો જાગી જતા ટોળકીના સભ્યો ગાડી મુકીને ભાગી ગયા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ભોંયણ રાઠોડ ગામે રબારીવાસમાં રહેતા વિરમભાઈ સાંકાભાઈ દેસાઈ (ઉં.૫૫) પશુપાલનનો વ્યવસાય કરે છે અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ફરીયાદી પાસે ૧૫ ભેંસ અને ૬ જેટલી ગાય છે જે ઘરની પાસે રહેલા વાડમાં રાત્રીના સમયે બાંધી રાખે છે. ગતરોજ રાત્રીના સુમારે ફરીયાદીના નાના ભાઈ કાનજી લખાભાઈ દેસાઈએ અચાનક રાત્રીના સુમારે વાડામાંથી ભેંસો ભરાઈ છે તેવી બુમો પાડતા ફરીયાદી તેમજ તેમનો દિકરો સેંધાભાઈ સહિત અન્ય ગ્રામજનો જાગી ગયા હતા અને વાડા પાસે આવી પહોંચ્યા હતા. ત્યારે જોયુ તો ઈનોવા ગાડીમાં ચાર વ્યકિતઓ વાડામાંથી ભેંસો ભરતા હતા. તે સમયે ગ્રામજનો તેમની તરફ દોડતા પશુ ચોર ટોળકીના સભ્યો ઈનોવા કાર લઈને ભાગી છુટ્યા હતા. તે સમયે ઈનોવા ગાડીના ડ્રાઈવરે ઈનોવા ઘરના વરંડાની દિવાલને ટક્કર મારતા તે બંધ થઈ ગઈ હતી અને અંધારાનો લાભ લઈ તમામ ચોર ટોળકી પલાયન થઈ ગઈ હતી. ગ્રામજનોએ નજીક જઈ ગાડીમાં તપાસ કરતા ગાડીમાં પાછળના ભાગે બે ભેંસ ભરી હતી. ફરીયાદી તેમજ અન્ય નાગરીકોએ ગાડીનો નંબર જોતા જી.જે.૦૧.એકસ.એકસ.-૯૭૭૫ નો હતો. મારી બંને ભેંસને ગ્રામજનોની મદદથી બહાર નીકાળી હતી. ત્યારબાદ પોલીસને ફોન કરતા તાત્કાલીક પોલીસ આવી જતા બનાવ અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી પશુ ચોર ટોળકી સુધી પહોંચવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# લકઝરીના મુસાફર પાસેથી દારૂની ૨૯ બોટલ ઝડપાઈ

ગાંધીનગર,તા.૨૭

ચિલોડા-હિંમતનગર હાઈવે પર ચંદ્રાલા પાસે લકઝરી બસના મુસાફર પાસેથી દારૂની ૨૯ બોટલ પકડાઈ છે. પોલીસે રૂ.૪૦,૬૩૨ નો દારૂ, બે મોબાઈલ મળી કુલ રૂ. ૪૪,૧૩૨ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહી એકટ મુજબ આરોપી સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેંકીગ કરી રહ્યા હતા તે સમયે રાજસ્થાન તરફથી આવી રહેલી લકઝરી બસ નં.આર.જે. ૩૦.પી.એ.-૨૮૪૨ ને ઉભી રખાવીને તેમા તપાસ કરતા બસની પાછળની ડેકીમાંથી બે સુટકેશમાંથી વિદેશી દારૂની ૨૯ બોટલ મળી આવી હતી. પોલીસે સુટકેશના પેસેન્જર અંગે પુછતા કંડકટરે તે પેસેન્જર ઉદેપુરથી બેઠેલા હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે મુસાફરનું નામ પુછતા તેણે દિપેન મહેશભાઈ કોટેચા (ઉં.૩૫ ભકિતનગર રાજકોટ) હોવાનું જણાવ્યું હતું અને આ સુટકેશ પોતે લઈને બેઠો હોવાનું પોલીસને જણાવ્યું હતું. ચિલોડા પોલીસે રૂ. ૪૦,૬૩૨ ની ૨૯ બોટલ દારૂ બે મોબાઈલ કિં.૩૫૦૦ મળી કુલ રૂ. ૪૪,૧૩૨ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહિ એકટ મુજબ યુવક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# પિસ્ટલ સાથેનો ફોટો વાયરલ થતા બે નાગરીકો સામે ગુનો નોંધાયો

ગાંધીનગર, તા.૨૭

અમદાવાદ શહેરના કેટલાક વોટસ્એપ ગ્રુપમાં એક યુવાને પાસે બેસી રહેલા નાગરીકના માથા પર પિસ્ટલ તાકી હોય તેવો ફોટો વાયરલ થયો છે. આ ફોટાને લઈ ઉચ્ચ અધિકારીઓની સુચનાને પગલે અમદાવાદ એરપોર્ટ પોલીસ મથકના પીએસઆઈ જે.જી.ચૌધરીએ આ અંગે તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો. જેમાં પોલીસે હાથમાં પિસ્ટલ લઈને ઉભા રહેલા કિશોર ઉર્ફે ખેમો ધરમદાસ કટારીયા (ઉં.૪૦, નિલકંઠ-આસુતોષ એવન્યુ, હાંસોલ)ને શોધી કાઢ્યો હતો. જેને ફોટો અંગે પુછતાછ કરતા જેના માથા પર પિસ્ટલ તાકવામાં આવી હતી તે તેનો મિત્ર શ્યામલાલ કહાર હોવાનું સામે આવ્યું હતું. શ્યામલાલ નાના ચિલોડા રણાસણ સર્કલ ખાતે અમન ફ્રાય સેન્ટર નામે હોટલ ચલાવે છે. વર્ષ ૨૦૧૬ માં કિશોર પોતાના કેટલાક મિત્રો સાથે ફ્રાય સેન્ટર ખાતે જમવા માટે ગયો હતો. જેમાં રામસીંગ નાનકુ વર્મા (વ્રજ રેસીડન્સી વિભાગ-૧ નરોડા) પાસે લાયસન્સવાળી પિસ્ટલ હતી. જે પિસ્ટલ લઈને કિશોરે ફ્રાય સેન્ટરના માલિક શ્યામલાલના માથે રાખીને ફોટો પડાવ્યો હતો. જેથી પિસ્ટલ ધારક રામસીંગ વર્મા અને પિસ્ટલ તાકનાર કિશોર કટારીયા સામે આર્મસ એકટની કલમ-૩૦ હેઠળ ગુનો નોંધી આરોપીના કોરોના ટેસ્ટ બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**આઇઆઇટીઇ ના દશાબ્દિ વર્ષ નિમિત્તે**

# આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન પ્રશિક્ષક પ્રો. અરૂણ દવેનું ૩૦ જૂને રસપ્રદ વકતવ્ય યોજાશે

## ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજયુકેશનના સંકુલમાં ૧ હજાર જેટલા નવા રોપાઓની વાવણી કરાશે : શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા હાજરી આપશે

ગાંધીનગર, તા. ૨૭

ભારતીય પ્રશિક્ષણ સંસ્થાનના દશાબ્દી વર્ષમાં પ્રવેશ નિમિત્તે રસપ્રદ વ્યાખ્યાન તેમજ વૃક્ષારોપણના કાર્યક્રમનુ આયોજન કરવામા આવ્યુ છે. ભારતીય મુલ્યો સાથે ઘડાયેલા શિક્ષકો તૈયાર કરવાના વિચારને સાકાર કરવા પ્રતિબધ્ધ સંસ્થા નવતર રીતે દશાબ્દી વર્ષની ઉજવણી કરશે.

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન આગામી તા ૩૦ જુનના રોજ દશાબ્દી વર્ષની ઉજવણી કરશે. ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર્સ એજયુકેશનના સ્થાપના દિવસની ઉજવણી અન્વયે આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન પ્રશિક્ષક અને ગુજરાત વિદ્યાપીઠના ભુતપુર્વ કુલનાયક પ્રો અરૂણ દવેના વકતવ્યનુ આયોજન કરવામાં આવશે. આ પ્રસંગે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રાજય શિક્ષણમંત્રી વિભાવરીબેન દવે હાજરી આપશે. આઈઆઈટીઈ ના ૧૦ માં સ્થાપના દિન નિમિત્તે યુનિવર્સિટીમાં ૧ હજાર રોપાઓની વાવણી કરવામાં આવશે. આ અંગે આઈઆઈટીઈ ના કુલપતિ ડો. હર્ષદ પટેલે જણાંવ્યુ હતું કે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વૈશ્વિક કૌશલ્યો અને ભારતીય મુલ્યો સાથે ઘડાયેલા શિક્ષકો તૈયાર કરવાના વિચારને સાકાર કરવા માટે પ્રતિબધ્ધ આઇ આઇ ટી ના સ્થાપના દિવસની ઉજવણી યુનિવર્સિટીના સંકુલમાં ૧ હજાર જેટલા વૃક્ષો રોપીને કરવામાં આવશે. જયારે આ તબક્કે આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન પ્રશિક્ષક પ્રો અરૂણ દવેના પ્રેરક વકતવ્યનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમનુ જીવંત પ્રસારણ આઈઆઈટીઈ ના ફેસબુક પેજ પર પણ કરવામાં આવશે.

# કુડાસણમાં ગુડાની કન્સ્ટ્રકશન કંપનીને પાંચ હજારનો દંડ કરતું તંત્ર

## સાઈટ પરથી વિશાળ સંખ્યામાં મચ્છરોના બ્રિડીંગ મળ્યા : તંત્રની નોટીસ પછી પણ કંપની દ્વારા પગલાં ન લેવાતા તંત્ર એ દંડ વસુલ્યો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરમાં તાજેતરમાં ભેળવવામાં આવેલ કુડાસણ ગામની હદમાં ગુડાની કન્સ્ટ્રકશન સાઈટ પર મચ્છરોના ભારે બ્રિડીંગ જણાતાં તંત્ર એ નોટીસ ફટકાર્યા બાદ પણ યોગ્ય કાર્યવાહી કરવામાં ન આવતાં વધુ એક નોટીસ સાથે રૂ. ૫ હજારનો દંડ વસુલ્યો છે.

જિલ્લા મેલેરિયા તંત્ર એ ચોમાસાના આરંભ સાથે જ વાહકજન્ય રોગચાળો વકરે નહિ તે માટે પ્રારંભથી જ આક્રમક વલણ અખત્યાર કરવાની વ્યુહરચના અપનાવી છે.

મળતી વિગતો પ્રમાણે તંત્ર એ નોટીસ અને દંડનીય કાર્યવાહી જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દુહાનના માર્ગદર્શન હેઠળ કરી છે. તેમણે તંત્રને ૨૦૨૨ સુધીમાં રાજયમાંથી મેલેરિયા નાબુદીનું અભિયાન સઘન રીતે હાથ ધરવા માટે સૂચનાઓ પણ આપી છે.

ગુજરાત સરકારના તારીખ ૭-૪-૨૦૧૭ના નોટિફિકેશન તથા જિલ્લા પંચાયત ગાંધીનગર ની સામાન્ય સભા ની તારીખ ૧૯-૧૨-૨૦૧૯ ની મંજુરી અન્વયે વાહક જન્ય રોગ નિયંત્રણ કામગીરીમાં મચ્છર ઉત્પત્તિ સ્થાન જણાય અને તેમાં મચ્છર ઉત્પત્તિ જણાય તો બાંધકામ સાઈટ પાસેથી રૂપિયા ૫,૦૦૦ નો દંડ વસૂલવા ની જોગવાઈ કરવામાં આવેલ . જે અંતર્ગત ગાંધીનગર તાલુકાના સુઘડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિસ્તારના કુડાસણ ગામ માં કાર્યરત **MIG 1** આવાસ યોજના કુડાસણ પાસેથી રોગચાળા અધિનિયમ ૧૮૯૭ હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ નંબર ૧૮૮ હેઠળ ગુજરાત વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ







**regulation 2017** અન્વયે મચ્છર ઉત્પત્તિ સ્થાન જોવા મળતા દીપેશ **construction** કંપનીને રૂપિયા પાંચ હજારનો દંડ વસૂલવામાં આવેલ છે.

**MIG 1** આવાસ યોજનામાં સતત મુલાકાત દરમિયાન પોરાનાશક કામગીરીનો અભાવ જોવા મળેલ.

તારીખ ૫-૩-૨૦૨૦ ના રોજ આ સાઈટ ઉપરથી પુષ્કળ પ્રમાણમાં પોરા જોવા મળેલ હતા. આ પોરા નો નાશ કરી નિયમિત રીતે ઓઈલની છંટકાવની કામગીરી હાથ ધરવા જણાવવાની સાથે આરોગ્યતંત્ર દ્વારા નોટિસ આપવામાં આવેલ હતી છતાં પણ ૨૪-૬-૨૦૨૦ ના રોજ જિલ્લા મેલેરીયા અધિકારીની મુલાકાત દરમિયાન વડોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ આ વિસ્તારમાં **construction sites** માં કરવામાં આવેલ કામગીરી નું ક્રોસ ચેકિંગ કરી રહ્યા હતા કર્મચારીઓની મુલાકાત દરમિયાન આ સાઈટ ઉપર પોરા જોવા મળેલ હતા.

જિલ્લા મેલેરીયા અધિકારી એ સાઈટ ઉપર ઉપસ્થિત કંપનીના સુપરવાઈઝરને ૨૪ કલાકની અંદર કામગીરી પુર્ણ કરવા જણાવેલ વધુમાં તે પણ જણાવેલ કે સામાન્ય સભાના ઠરાવ અન્વયે તથા રોગચાળા અધિનિયમ ૧૮૯૭ અન્વયે હવેથી દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે તેઓના કંપનીના ઈન્ચાર્જ સાથે પણ ચર્ચા કરી કામગીરી પૂર્ણ કરવા જણાવેલ હતી.

છતાં પણ તારીખ ૨૫-૬-૨૦૨૦ ના રોજ ૫:૦૦ કલાક સુધી સુઘડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા કામગીરી પૂર્ણ થયેલ છે કે નહીં તે રૂબરૂ તપાસ કરતાં કોઈપણ જાતની કામગીરી હાથ ધરવામાં આવેલ ન હતી જેથી તાલુકા આરોગ્ય કચેરી ગાંધીનગરની ટીમ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુઘડની ટીમ દ્વારા સ્થળ પર રૂપિયા ૫,૦૦૦ ની વસુલાત કરવામાં આવી છે.